Jigar Publications
VADODARA REGION CHEMICAL COMPANY DIRECTORY 2025
We are preparing Nandesari Industries Association directory Include Nandesari, Padra, Karakhadi - Dudhwada, Savli & Manjusar Chemical Estate.
Contact For Advertisement
Mob: +91 99989 80519
nandesaridirectory@gmail.com


# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 17 ISSUE : 20 DATE: 16- 01 -2026 (વિક્રમ સંવત ૨૦૮૨ પોષ વદ બારસ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026


# ભરૂચની સર્વગ્રાહી વિકાસ સમિતિની બેઠકમાં ૬ ગામોના વિકાસ માટે રૂપિયા ૩૨.૪૫ કરોડના કામોને મંજૂરી

ભરૂચ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની સર્વગ્રાહી વિકાસ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં નિર્દિષ્ટ વિસ્તારના ગામના વિકાસ માટે કુલ મળીને રૂપિયા ૩૨.૪૫ કરોડના વિકાસ કાર્યોને આ સર્વગ્રાહી સમિતિની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી.

જિલ્લા કલેકટર ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને યોજાયેલી સર્વગ્રાહી વિકાસ સમિતિની બેઠકમાં કુલ ૩૨.૪૫ કરોડ રૂપિયાના ખર્ચે નિર્દિષ્ટ વિસ્તારના ગામડાંઓમાં મૂળભૂત સુવિધાઓ વધારવા માટેના કામોને મંજૂરી આપવામાં આવી હતી. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) દ્વારા ભરૂચ જિલ્લામાં વિવિધ ઔદ્યોગિક વસાહતોની સ્થાપના કરવામાં આવી છે. જેમાં અંકલેશ્વર, પાનોલી, ઝગડીયા, ભરૂચ, પાલેજ અને વાલિયા એમ કુલ ૬ નિર્દિષ્ટ વિસ્તારોનો સમાવેશ થાય છે. ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક વિસ્તારની હદમાં આવતા ગામડા હવે વિકાસની નવી દિશા તરફ આગળ વધી રહ્યા છે. આ ભંડોળનો ઉપયોગ નિર્દિષ્ટ વિસ્તારની હદમાં આવતા ગામડાંઓમાં જરૂરી માળખાગત સુવિધાઓ જેવી કે રોડ-રસ્તા, વીજળી, આરોગ્ય, પીવાનું પાણી, ગટર વ્યવસ્થા, અને શૈક્ષણિક સુવિધાઓ જેવી પાયાની જરૂરિયાતો ને મજબૂત કરવા માટે થશે.

જિલ્લા સમાહર્તાએ ખાસ જણાવ્યું હતું કે જન કલ્યાણના કામોને સર્વોચ્ચ અગ્રતા આપી તેને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા જોઈએ. સાથે જ અધિકારીઓને સમયાંતરે ફિલ્ડ વિઝીટ કરી કામગીરીની રૂબરૂ ચકાસણી કરવી જોઈએ. મહત્વના વિકાસ કાર્યો કોઈપણ પ્રકારના વિલંબ વગર પૂર્ણ થાય તે રીતે કામગીરી હાથ ધરવા સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા. આ બેઠકમાં માળખાગત સુવિધાઓ વધારવા માટેના કામોને મંજૂરી મળતા ધારાસભ્ય રમેશ મિસ્ત્રી અને ધારાસભ્ય રિતેશ વસાવાએ આ નિર્ણયને વધાવ્યો હતો અને અભિપ્રાય આપતા જણાવ્યું કે, ગામોમાં આધુનિક અને જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે, જે સ્થાનિક સમુદાયના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ છે. આ નિર્ણય ગ્રામીણ અને ઔદ્યોગિક વિસ્તાર વચ્ચેના અંતરને ઘટાડીને સર્વ સમાવેશક વિકાસનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડશે. આ પ્રયાસોથી સમાવિષ્ટ વિસ્તારના નાગરિકોનું જીવનધોરણ ઊંચું આવશેઅને એક સમૃદ્ધ ભવિષ્યનું નિર્માણ થશે.

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant (2) Ethanol Consultant (3) Poison Licence (4) Sulphur Licence (5) Chlorate Licence
(6) Explosive Licence (7) PESO Licence (8) Solvent Consultant (9) MSME Registration (10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

# દેશનાં ૪૪ ટકા શહેરોનું હવા પ્રદૂષણ અત્યંત જોખમી અવસ્થામાં જે માટે વાહનો, ફેકટરીઓ જવાબદારઃ રિપોર્ટ

દેશના ૪૪ ટકા શહેરોમાં લાંબા સમયથી વાયુ પ્રદૂષણનું સ્તર અત્યંત જોખમી હોવાનું એક રિપોર્ટમાં જણાયું છે. ભારતના લગભગ અડધો અડધ જેટલા શહેરોમાં લાંબા સમયથી લોકો વાયુ પ્રદૂષણનો સામનો કરી રહ્યા છે. સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (સીઆરઈએ) એ સેટેલાઈટ ડેટાની મદદથી દેશના ૪,૦૪૧ શહેરોમાં MP2.5 પ્રદૂષણને લઈને સંશોધન કર્યું હતું. આ રિપોર્ટ મુજબ દિલ્હી, ઉત્તર પ્રદેશનું ગાઝિયાબાદ અને મેઘાલયનું બર્નીહાટ દેશના સૌથી પ્રદૂષિત શહેરો જણાયા હતા. આ શહેરોમાં વાયુ પ્રદૂષણની સ્થિતિ એક-બે દિવસ પૂરતી નહીં પરંતુ સમગ્ર વર્ષ સુધી રહેતી હોવાનું જણાયું હતું. પ્રદૂષણના મુખ્ય કારણોમાં વાહનો, ફેક્ટરીઓ તથા અન્ય માધ્યમો દ્વારા ફેલાવાતું પ્રદૂષણ રહ્યું છે.

રિપોર્ટમાં જણાવ્યા મુજબ ૨૦૧૯ થી ૨૦૨૪ વચ્ચે દર વર્ષે ૧,૭૮૭ શહેરોમાં PM2.5નું સ્તર નિર્ધારિત મર્યાદાથી વધુ રહ્યું હતું. આ સર્વેમાં કોરોના (વર્ષ ૨૦૨૦)નો ડેટા નથી લેવાયો.

૨૦૨૫ના ડેટા મુજબ મેઘાલયનું બર્નીહાટ સૌથી પ્રદૂષિત શહેર રહ્યું હતું. અહીં PM2.5 સરેરાશ ૧૦૦ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર હતું. નવી દિલ્હી (૯૬) અને ગાઝિયાબાદ (૯૩) અનુક્રમે છે. નોઈડા ચોથા ક્રમે છે. ભારતના સૌથી પ્રદૂષિત શહેરોમાં ગુરુગ્રામ, ગ્રેટર નોઈડા, ભિવંડી, હાજીપુર, મુઝફ્ફરનગર અને હાપુડનો સમાવેશ થાય છે.

સરકારે પ્રદૂષણ ઘટાડવા ૨૦૧૯માં રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ (એનસીએપી)નો પ્રારંભ કર્યો હતો. પરંતુ સાત વર્ષ બાદ પણ દેશના ૧૩૦ શહેરો એનસીએપીના દાયરામાં છે. જેમાં ૧,૭૮૭ પૈકીના ફક્ત ૬૭ શહેરો જ આમાં સામેલ છે. આ રીતે ભારતના ચાર ટકા શહેરોને જ એનસીએપીમાં આવરી શકાયા છે. એસીએપીમાં સામેલ ૨૮ શહેરોમાં હજી સુધી સતત હવાની ગુણવત્તાની ચકાસણી માટેના સ્ટેશન (સીએએક્યુએમએસ) સ્થાપવામાં નથી આવ્યા. જે ૧૦૨ શહેરોમાં આ પ્રકારના સ્ટેશનો છે તે પૈકી ૧૦૦ શહેરોમાં પીએમ ૧૦નું સ્તર ૮૦ ટકા અથવા તેનાથી વધુ નોંધાયું છે. દિલ્હીમાં PM 10 સૌથી વધુ ૧૯૭ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર છે.

ભારતના સૌથી વધુ પ્રદૂષણ ધરાવતા ૧૦ શહેરોમાં ૧. બર્નીહાટ (મેઘાલય) ૨. દિલ્હી ૩. ગાઝિયાબાદ (ઉત્તરપ્રદેશ) ૪. નોઈડા (ઉત્તરપ્રદેશ) ૫. ગુરુગ્રામ (હરિયાણા) ૬. ગ્રેટ નોઈડા (ઉત્તરપ્રદેશ) ૭. હાપુડ (ઉત્તરપ્રદેશ) ૮. બહાદુરગઢ (હરિયાણા) ૯. ભિવાડી (રાજસ્થાન) ૧૦. બાગપત (ઉત્તર પ્રદેશ)

(વાર્ષિક સરેરાશ PM2.5ના આધારે)

ASP
ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code: ASME, TEMA, API-650.
aspchem.com
GMP REACTOR
STORAGE VESSELS & TANKS
AGITATED NUTCHE FILTER DRYER
HEAT EXCHANGER
VACUUM TRAPS
REACTOR 24KL
Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com

M.D. PATEL +91 98241 01133
MEGA MACHINERY
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

Ganpatbhai +91 98258 21461
chiragsteel.ankleshwar@gmail.com
CHIRAG STEEL
M.S. PLATE, PROFILE CUTTING & S.S. TO M.S. STEEL TRADING
Plot No: 270, Shreeji Ice Factory, Near G. Dalabhai, GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA

OMKAR COMPOSITES PVT. LTD.
MANUFACTURER OF INDUSTRIAL CHEMICAL PROCESS & POLLUTION CONTROL EQUIPMENTS
IN FRP, PP+FRP, PVDF+FRP, PP-H+FRP, PVC+FRP, PP-RC, C-PVC, HDPE MATERIALS
Mfg. Unit: Plot No.: 104-19, 20,33,34, GIDC, Palej-392 220, Dist: Bharuch (Gujarat),
E-mail: omkarcomposites@gmail.com | info@omkarplast.com | Web: www.omplast.com | www.omkartank.com,
Contact us: Bharat R. Rajpurohit (M) +91 90337 37838 | Ramesh D. Rajpurohit (M) +91 982411 0687

SHIVAM INDUSTRY
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal +91 982 515 2797
Our Product :
• Graphite Heat Exchanger
• Graphite Condenser
• Graphite Reboiler
• Graphite Falling Film Absorber
• Graphite Ejector
• Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019) Gujarat

JESTAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
• All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
• Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
• PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
• All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT, BROIL, BROTEK, SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

# તંત્રીલેખ

## ભારતીય ખલાસીઓનું સંકટ

દરિયામાં પેટ્રોલિયમ લઈ જતા એક જહાજને હવે હજાર દુશ્મન હોય છે. લોકક્રાન્તિ પછી પુનઃ ઈરાન અને અમેરિકા વચ્ચેની સાવ યુદ્ધની અણીએ પહોંચેલી તંગદિલીમાં ભારતીય ખલાસીઓ ત્રિશંકુ જેવી હાલતમાં ફસાયેલા છે અને ભારતીય વિદેશ મંત્રાલયે આવનારા દિવસોમાં એમાં હસ્તક્ષેપ કરવો પડશે. ટનબંધ પેટ્રોલિયમનું વહન કરતાં બ્રિટિશ જહાજો પર કામ કરતા ભારતીય ખલાસીઓને ઈરાને અગાઉ અનેકવાર બંધક બંધક બનાવેલા છે. ઈરાને આવા પગલાઓ પોતાના જહાજને બ્રિટિશ નેવી આંચકી લીધું તેના વિરોધમાં ઉઠાવતું રહે છે. વળી, આવા ઈરાનનું જે જહાજો બ્રિટિશ નેવી પાસે હોય એના તો કેપ્ટન જ મહદંશે ભારતીય હોય છે, ઉપરાંત ટેકનિકલ સ્ટાફમાં પણ અનેક ભારતીયો હોય છે. આજે ચીન સિવાય દુનિયાનો એક પણ દેશ એવો નથી કે જેનાં જહાજો પર ભારતીય ખલાસીઓ ન હોય. અખાતી દેશોમાં જહાજોના ધમધોકાર ટ્રાફિકમાં તો ગુજરાતી ખલાસીઓ પણ પારાવાર છે, એમાં વિક્ટર - જાફરાબાદના ટંડેલ અને વેરાવળ - પોરબંદરના ખારવાઓ પણ છે!

દુનિયામાં ભારતીય ખલાસીઓ ક્યાંક ને ક્યાંક પોતાના કોઈ જ વાંક-ગુના વિના ફસાતા રહે છે અને એ જ એમની ટ્રેજેડી છે. હજુ હમણાં જ નાઇજિરિયાના દરિયાઇ ચાંચિયાઓએ ત્યાંના બોની ટાપુ કિનારે નાંગરેલા એક સિંગાપોરી જહાજને પાંચ ભારતીય ખલાસીઓ સહિત બાનમાં લીધું હતું. એના પહેલા કાળા સમુદ્રમાંથી પસાર થઇ રહેલા એક રશિયન પેટ્રોલિયમ વાહક જહાજમાં લાગેલી ભીષણ આગમાં પાંચ ભારતીય ખલાસીઓની જિંદગી હોમાઇ ગઇ હતી. અગાઉના વરસે પશ્ચિમ આફ્રિકાના બેનિન બંદરેથી ચાંચિયાઓએ બાવીસ ભારતીય નાવિકોનું અપહરણ કર્યું હતું. હમણાં તો દર મહિને દરિયાલાલના ખોળે રમતા ભારતીય ખલાસીઓના સંકટના વૃત્તાંત ક્યાંક નહિ ને ક્યાંકથી તો આવતા જ રહે છે! ભારતીય ખલાસીઓ, ટેકનિશ્યનોનો વ્યાપ રાતોરાત સાત સાગર પર વધી જવાનું કારણ શું છે? તેઓનામાં એવી તે શું કમાલ છે કે જહાજ હોય ગમે તે દેશનું પણ ચાલે છે ભારતીય ખલાસીના ઈશારા પર?

જહાજો પર થનારી નિમણુકો મર્ચન્ટ નેવીના અનેક પ્રકારના અભ્યાસક્રમો અને એની અન્ય યોગ્યતા કસોટીઓ ઉત્તીર્ણ કર્યા પછી થાય છે. એમાં મુખ્યત્વે કેપ્ટન સ્ટાફ, એન્જિનીયરિંગ સ્ટાફ અને સાર-સંભાળક સ્ટાફ હોય છે. ભારતમાં આની તાલીમ ઈ.સ. ૧૯૨૭માં બોમ્બે હાર્બર નજીક ડફરિન નામના જહાજમાં શરૂ થઇ, પરંતુ આ ક્ષેત્રમાં ગતિ આ એકવીસમી સદીની શરૂઆતમાં આવી. વચ્ચેનાં વરસોમાં કોઈ સરકારે કે ટેકનિકલ કાઉન્સિલોએ એના પર ધ્યાન જ ન આપ્યું. એ વીતેલાં વરસો દરમિયાન ચીન, ફિલિપાઇન્સ, રશિયા અને યુક્રેને પણ વૈશ્વિક જહાજી કામકાજમાં પોતાનો વિસ્તાર કર્યો એટલે ભારત થોડું પાછળ રહી ગયું. મર્ચન્ટ નેવી માટે શિક્ષણ અને તાલીમ આપતા ભારતીય સંસ્થાનો પર સદાય બહુ જ આકરા અને એય બ્રિટિશરોના બનાવેલા નિરર્થક કાયદાઓ લાગુ પડતા હતા. ઈ.સ. ૨૦૧૬માં એનડીએ સરકારે એ બધા કાયદાઓ હટાવી લીધા. ત્યારથી આજ સુધીમાં ભારતે એવી મોટી છલાંગ લગાવી કે જોતજોતામાં દુનિયાભરમાં મર્ચન્ટ નેવી ઓફિસરો સપ્લાય કરનારો ભારત પાંચમો સૌથી મોટો દેશ બની ગયો. ઈ.સ. ૨૦૧૭માં ભારતના દોઢ લાખ યુવાનો મર્ચન્ટ નેવીમાં કામે લાગ્યા અને ઈ.સ. ૨૦૧૮ માં આ સંખ્યા બે લાખથી પણ વધી ગઇ. ખૂબ સારા - ઊંચા પગારો આપનારી મર્ચન્ટ નેવી તરફ ભારતીય યુવાનોનું આકર્ષણ અને તાલીમ પછીની કાબેલિયત કાબિલે દાદ છે. આજે એ લાખોમાં છે.

ગુજરાત પાસે વિશાળ સાગર કિનારો છે, પરંતુ મર્ચન્ટ નેવીનો અભ્યાસક્રમ ભણાવતી એક પણ ખાનગી કે સરકારી સંસ્થા નથી. મર્ચન્ટ નેવી એક ગ્લોબલ કેરીઅર છે અને એમાં ગુજરાતના દરિયા કિનારાની પ્રજાની નવી પેઢી ઉત્સાહથી જોડાઇ રહી છે એ એક શુભ સંકેત છે. હવે ભારત સરકારના વિદેશ મંત્રાલયે મર્ચન્ટ નેવી ક્ષેત્રે કાર્યરત ભારતીયોની સલામતી - સુરક્ષા માટે એક નવું અને આગવું વ્યવસ્થા તંત્ર ઊભું કરવાની જરૂર છે. ગુજરાતની દરેક યુનિવર્સિટીમાં ફરજિયાતપણે સાગર ભવન હોવું જોઇએ, જેમાં મર્ચન્ટ નેવી સહિતના વિવિધ અભ્યાસક્રમોની વ્યવસ્થા હોય. આપણે ત્યાં ખાનગી અને સરકારી ટેકનિકલ યુનિવર્સિટીઓ છે એ પણ મરીન અભ્યાસક્રમો પ્રત્યે મહત્ ઉદાસ છે. માત્ર ગુજરાત જ નહિ, દેશમાં પણ આ ક્ષેત્રે ઉદાસી છે. દક્ષિણ ભારતનત્પ્રજા જો કે દરિયા પાછળ અન્ય ભારતીયોની તુલનામાં વધુ ઘેલી છે અને એડવાન્સ છે. ગુજરાતીઓએ મધ્યયુગથી ઓગણીસમી સદીના આરંભ સુધી દુનિયાનાં બંદરો પર પોતાના વાવટા ફરકાવ્યા હતા અને વહાણવટાના વૈશ્વિક ઈતિહાસમાં ગુજરાતીઓ હિમાલયન અસ્તિત્વ ધરાવે છે. પરંતુ એક તો આજની પેઢી પોતાના પૂર્વજ ગુજરાતીઓના પરાક્રમોથી અજ્ઞાત છે અને ઉપરાંતમાં એનામાં સમુદ્રાભિખમુખતા શૂન્ય છે.

# અમેરિકાને મહાસત્તા તરીકે ટકાવી રાખવા પેન્ટાગોન મરણીયું બન્યું છે

પેન્ટાગોન હાલમાં મરણિયું થયેલું છે. કોઈપણ ભોગે સમગ્ર વિશ્વમાં અમેરિકાને મહાસત્તા તરીકે યથાવત્ રાખવા માટે તેણે તમામ સ્તરે પ્રયાસ શરૂ કરી દીધા છે. હાલમાં ગ્રીનલેન્ડને કબજે કરવાની જાહેરાત ટ્રમ્પના માધ્યમથી કરાવાઈ છે. અમેરિકી પ્રમુખે જાહેરાત કરી છે કે, ગ્રીનલેન્ડ અને આર્કટિક રીજનમાં ચીનની દખલગીરી અને પ્રભાવ વધી રહ્યા છે. તેને કાબુ કરવા માટે અમેરિકા દ્વારા પગલાં લેવાશે અને ગ્રીનલેન્ડ કબજે કરાશે.

જાણકારોના મતે પેન્ટાગોને કોઈપણ ભોગે ચીનને દબાવવાની નીતિ ઉપર કામ શરૂ કરી દીધું છે અને ચીનના વધતા પ્રભાવને રોકવા માટે તે ગમે તે કામ કરી રહ્યું છે. હાલમાં તે નવથી વધારે દેશો સાથે સીધું જ બાથ ભીડી રહ્યું છે.

ઈરાનમાં જે જનઆંદોલન શરૂ થયું છે તેને અમેરિકા દ્વારા પ્રેરિત માનવામાં આવે છે. જાણકારો કહે છે કે, ઈરાનમાં ઘણા સમયથી લોકજુવાળ ઊભો થયેલો હતો અને તેને અમેરિકાએ પડદા પાછળ સમર્થન, ફંડિંગ અને તાકાત આપીને વિસ્ફોટ કરાવી દીધો છે. ખામેનેઈ દ્વારા જે રીતે અમેરિકાની ધરાર અવગણના કરીને કામગીરી કરવામાં આવી રહી છે અને ખાસ કરીને સત્તા હાથમાં રાખીને ન્યૂક્લિયર પાવર બનવા તરફ દોટ મુકવામાં આવી છે તેનાથી અમેરિકાને સખત વાંધો છે. તેથી જ ખોમેનૈની સત્તા ઉથલાવવા માટે અમેરિકાએ જનઆંદલોનની આગ ચાંપી છે.

બીજી તરફ જોઈએ તો અમેરિકાએ થોડા સમય પહેલાં રશિયાનું એક ક્ડ જહાજ પકડી પાડયું અને તેના કારણે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. અમેરિકાએ જાહેરાત કરી દીધી છે કે, તે નવો કાયદો લાવવાની તૈયારી કરી રહ્યું છે. તે 'Sanctioning Russia Act of 2025' નામના નવા કાયદા દ્વારા રશિયાને ભીંસમાં લેવા ઉપરાંત તેની સાથે વેપાર કરતા અને તેનું ક્રૂડ લેતા દેશોને પણ ફિક્સમાં મુકવા માગે છે. આ કાયદા હેઠળ એવા તમામ દેશો ઉપર ૫૦૦ ટકા તોતિંગ ટેરિફ લગાવવામાં આવશે જેઓ રશિયા પાસેથી ક્રૂડ અથવા તો યુરેનિયમ ખરીદે છે. ખાસ કરીને ચીન અને ભારતના રશિયા સાથે સંબંધો ગાઢ અને મજબૂત હોવા ઉપરાંત વ્યાપારિક કામગીરીઓ પણ અત્યંત વધારે છે. આ બંને દેશોને પણ દબાણમાં લેવા માટે અમેરિકા તલપાપડ છે. બીજી તરફ આ ત્રણ દેશો જ નહીં તે સિવાય અન્ય પાંચ દેશો સહિત કુલ આઠ દેશો સાથે અમેરિકાએ શિંગડા ભરાવેલા છે.

જાણકારો માને છે કે, હાલના સમયમાં સર્વોચ્ચ મહાસત્તા બની રહેવાનું દબાણ અથવા તો ભારત, ચીન, રશિયાના વધતા પ્રભાવને અટકાવવા અમેરિકાએ આ કાયદાનો કોરડો વિંઝયો હોવાની મજબૂરી હોવાની ચર્ચા છે.

ઉલ્લેખનીય છે કે, એક તરફ અમેરિકા અને ભારત મિત્ર રાષ્ટ્રો હોવાની વાત ચાલે છે. ટેક્નોલોજી, સંરક્ષણ, હથિયારો અને ચીનની આડોડાઈ મુદ્દે બંને દેશો એકબીજાની સાથે છે પણ જ્યારે ભારતની રશિયા જોડેથી ક્રૂડ ખરીદવાની વાત આવે છે ત્યારે અમેરિકાને પેટમાં દુઃખે છે. બીજી તરફ ભારત એવું માને છે કે તેને સસ્તા ક્રૂડની જરૂર છે જેથી દેશમાં પેટ્રોલ-ડીઝલ અને અન્ય પેદાશોના ભાવ કાબુમાં રહે. તેના કારણે જ રશિયા પાસેથી સસ્તુ ક્રૂડ ખરીદવું એક કૂટનીતિક નિર્ણય છે. અમેરિકા આ ડીલના નામે રશિયા અને ભારત બંનેને દબાવે છે. ભારત બંને સાથે સંતુલન જાળવવા મથી રહ્યું છે.

ચીન સાથે અમેરિકાના ખૂબ જ વિચિત્ર સંબંધ છે. અમેરિકાને કોઈપણ ભોગે ચીનને દબાણમાં રાખવું છે અને ચીન દબાણમાં રહે તેવી સ્થિતિમાં નથી. હાલમાં ટેક્નોલોજી, માઈક્રોચિપ્સ, એઆઈ, તાઈવાન, સાઉથ ચાઈના સી અને ઈન્ડો-પેસિફિક સેક્ટરમાં વર્ચસ્વ મુદ્દે અમેરિકા અને ચીન આમને સામને છે.

અમેરિકાનો એક જ પ્રયાસ છે કે, ચીનને કોઈપણ રીતે રોકવામાં આવે જેથી તે ભવિષ્યની સર્વોચ્ચ મહાસત્તા બની શકે નહીં. આશ્ચર્યની વાત એ છે કે, અમેરિકા દ્વારા ગમે તેટલા દબાણ કરવામાં આવે પ્રયાસ કરવામાં આવે પણ ચીન આત્મનિર્ભર અને શક્તિશાળી બની રહ્યું છે અને તે દિશામાં જ આગેકૂચ કરી રહ્યું છે.

અમેરિકાને હાલમાં મોટો વાંધો રશિયા સામે પણ છે. આમ તો બંનેને પહેલા વિશ્વયુદ્ધ સમયથી એકબીજા સામે વાંધો પડેલો જ છે. અમેરિકા નથી ઈચ્છતું કે વર્તમાન સમયમાં રશિયા મજબૂત થાય અને ખાસ કરીને યુરોપમાં મજબૂત સૈન્ય શક્તિની જેમ વિકસે અને પોતાના સોવિયેત સંઘ જેવા વર્ચસ્વને ફરીથી પ્રાપ્ત કરે. તેના કારણે જ અમેરિકા યુદ્ધ માટે યુક્રેનને પૈસા અને હથિયારો આપતું રહે છે. બીજી તરફ રશિયાને પણ ભય છે કે, તે મજબૂત નહીં રહે તો નાટો સેનાઓ અને અમેરિકી સેનાઓ તેની સરહદ સુધી આવી જશે જે ભવિષ્ય માટે જોખમી છે.

બંને દેશો મહાસત્તા છે અને પરમાણુ હથિયારોનો મોટો જથ્થો ધરાવે છે તેથી અમેરિકા અને રશિયા યુદ્ધ કરતા નથી પણ એકબીજા ઉપર પ્રતિબંધો મુકે છે અને એકબીજાના મિત્રો ઉપર પગલાં લે છે. અમેરિકા હાલમાં આવું જ કંઈ કરીને ટેરિફ વોરમાં ઉતર્યા છે.

અમેરિકાની નીતિ એટલી મેલી છે કે, તે એક તરફ રશિયા સામે જંગે ચડયું છે અને બીજી તરફ રશિયા સાથે યુદ્ધ કરતા યુક્રેનને સમર્થન કરે છે અને યુક્રેનને પણ દબાણમાં લાવી રહ્યું છે. યુક્રેન ખનીજ સંસાધનોથી ભરપૂર છે અને યુરોપમાં રણનીતિક દ્રષ્ટિએ પણ ખૂબ જ મહત્ત્વનો દેશ છે. તેથી જ અમેરિકા તેને અધધ મદદ કરે છે. તેણે હવે આ મદદના બદલામાં તમામ હથિયારો અને પૈસાનો ઉપયોગ કેવી રીતે અને ક્યાં કર્યો તેના હિસાબ માગવાની શરૂઆત કરી છે.

બીજી તરફ રશિયા સામેના યુદ્ધમાં હથિયારો અને પૈસાની મદદના બદલામાં તેની પાસે રહેલા યુરેનિયમ અને ટાઈટેનિયમના ખજાનાનો લાભ પશ્ચિમી દેશો આપવાનું પણ દબાણ કરી રહ્યો છે. યુક્રેન માને છે કે, આ મદદના નામે સોદો થઈ રહ્યો છે અને તેને દબાવાઈ રહ્યું છે. યુક્રેન પણ હવે અમેરિકાથી નારાજ છે પણ કશું કરી શકે તેવી સ્થિતિમાં નથી.

અમેરિકાને તો હાલમાં વિયેતનામથી પણ વાંકુ જ પડેલું છે. વર્ષો પહેલાં દાયકા સુધી યુદ્ધ કરનારા અમેરિકા અને વિયેતનામ વચ્ચે હાલમાં સારા સંબંધ છે. તેની પાછળ એક જ કારણ છે, ચીન. અમેરિકાની ઈચ્છા છે કે, ચીનના વધતા પ્રભાવને અટકાવવા માટે વિયેતનામ મુક્ત રીતે અમેરિકાને સમર્થન આપે.

તે ઉપરાંત સૈન્ય અને રણનીતિક મોરચે પણ વિયેતનામ આગળ આવે. વિયેતનામ પોતાની નીતિમાં સ્પષ્ટ છે કે, તે કારણ વગર ચીન સાથે શિંગડા ભરાવવા માગતો નથી અને તે વિસ્તારમાં અન્ય કોઈ દેશનો હાથો બનીને પોતાના સાર્વભૌમત્વને જોખમાવવા તૈયાર નથી. તે ચીનને નારાજ કરવા માગતું નથી અને અમેરિકા ઉપર સંપૂર્ણ આધારિત રહેવા માગતું નથી અને તેથી અમેરિકા હાલ વિયેતનામથી નારાજ છે.

તુર્કી સાથે પણ અમેરિકાને દોસ્તી છતાં અવિશ્વાસનો સંબંધ છે. બંને નાટોના સાથી હતી અને કાગળ ઉપર મિત્રો હતા. ૨૦૧૭માં તુર્કીએ રશિયા સાથે એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ ખરીદવાનો કરાર કર્યો અને ૨૦૧૯માં તે ખરીદી લીધી. તેનાથી અમેરિકાને લાગ્યું કે, નાટોમાં રશિયન સાધનોનો પ્રવેશ થશે અને અમેરિકાએ તુર્કીને એફ-૩૫ ફાઈટર પ્લેન આપવાની મનાઈ કરી દીધી અને બંનેના સંબંધ વણસી ગયા.

તેવી જ રીતે વેનેઝુએલા ઉપર ઘણા સમયથી અમેરિકા દબાણ બનાવી રહ્યું હતું. ખાસ કરીને માદુરો અને તેમના સાથીઓ ડ્રગ્સનો વ્યવસાય કરતા હોવાના આરોપો મુક્યા હતા. તેના આધારે અમેરિકાએ ૩ જાન્યુઆરીએ વેનેઝુએલા ઉપર હુમલો કરીને માદુરોની અને તેની પત્નીનું અપહરણ કરીને ધરપકડ કરી લીધી.




હવે તે વેનેઝુએલાને પોતાના કબજામાં રાખીને તેના તેલના ભંડારો પોતાને હસ્તક કરવા માગે છે.

સોવિયેતની તોડવા અમેરિકાએ ઊભું કરેલું ચીન જ હવે તેને પડકારી રહ્યું છે

જિયોપોલિટિક્સમાં આ તબક્કો સૌથી વધારે ઉતાર-ચડાવવાળો છે. હાલમાં અમેરિકા અને તેની સામે આઠ મોટા દેશો છે. વાત એવી છે કે, અમેરિકા અને સોવિયેત સંઘ વચ્ચે જે કોલ્ડવોરની સ્થિતિ હતી તે ખૂબ જ આકરી હતી. ૧૯૪૭ થી ૧૯૯૧ સુધીના આ ગાળામાં અમેરિકા સુપર પાવર બની ગયું.

તે સમયે અમેરિકાએ ચીનને ઊભું થવામાં મદદ કરી હતી અને સોવિયેત સંઘની સામે તેને ઊભું રાખ્યું હતું. ત્યારબાદ સોવિયેત સંઘનું વિઘટન થયું પણ રશિયા તબક્કાવાર મજબૂત થતું ગયું. તેની સાથે જ દુનિયામાં મહાસત્તા બનાવાની હોડ શરૂ થઈ. તેમાં રશિયા, ફ્રાન્સ, બ્રિટન, ચીન બધા જ દેશો જોડાવા લાગ્યા. હવે ચીન આથક મજબૂત સ્થિતિ અને ટેક્નોલોજીના પગલે અમેરિકાને પડકારી રહ્યું છે. રશિયા મજબૂત સૈન્ય શક્તિના આધારે અમેરિકાને ગાંઠતું નથી. ભારત સહિતના નવી દુનિયાના દેશો પણ અમેરિકાની ઘણી વાતો ફગાવી રહ્યા છે. તેના પગલે અમેરિકાના પેટમાં તેલ રેડાયું છે કે, હાલમાં દુનિયાની એક જ સર્વોચ્ચ સત્તાનું પદ જતું રહેશે અને દુનિયામાં મલ્ટિપાવર સેન્ટર બની જશે. બીજી બાજુ અત્યાર સુધી ડોલરનો કાબુ અમેરિકાના હાથમાં હતો. તે જ તેની સૌથી મોટી તાકાત હતી. હવે રશિયા, ચીન, ભારત અને બીજા ઘણા દેશો ડોલર સિવાયના પોતાના ચલણમાં પણ વેપાર કરતા થયા છે. તેના કારણે અમેરિકી ડોલરને ફટકો પડયો છે.

ચીને ઘણા મુદ્દે ટેક્નોલોજીમાં અમેરિકાને પછાડયું છે અને રેર અર્થ મિનરલ્સ મુદ્દે સમગ્ર દુનિયાનું નાક દબાવ્યું છે. તેથી આગામી સમયમાં ચીન સર્વોચ્ચ મહાસત્તા બની જાય તો અમેરિકાને નાક કપાયા જેવી સ્થિતિ થાય. બીજી બાજુ રશિયાએ ક્રૂડ અને ઊર્જા સેક્ટરમાં ઘણા દેશોને સસ્તો માલ આપ્યો છે.

ઈરાન ઉપર પ્રતિબંધ છતાં ભારત અને તેના સાથી દેશોમાં સરળતાથી અને સસ્તાભાવે ક્રૂડ જતું હોવાથી અમેરિકા ગિન્નાયું છે. તેથી એક વાતાવરણ ઊભું થઈ રહ્યું છે કે, અમેરિકા નબળું પડી રહ્યું છે. દુનિયા તેને નબળો પડતો દેશ ન માને તેના કારણે તેણે મરણિયો જંગ આદર્યો છે. તે ક્યાંક દબાણ કરે છે તો ક્યાંક પ્રતિબંધ મુકે છે તો ક્યાંક દુશ્મનના દુશ્મનને દોસ્ત બનાવે છે તો ક્યાંક શક્તિ પ્રદર્શન કરે છે. જાણકારો માને છે કે, અમેરિકાથી બચવા અને બહાર આવવા બ્રિક્સ જેવા સંગઠનો કે જેને ગ્લોબલ સાઉથ કહેવાય છે તેઓ પોતાના ધરી મજબૂત કરી રહ્યા છે. તેઓ ડોલરની સામે પોતાની કરન્સી સિસ્ટમ ઊભી કરી રહ્યા છે. આ ગ્લોબલ સાઉથ માને છે કે, અમેરિકાના ઈશારે જ બધું ચાલે તેમ નથી, દેશના પોતાના હિત અને ઈચ્છા હોય છે. તેના કારણે જ હવે અમેરિકા પોતાની ગુમાવેલી શાખ મેળવવા અને બચેલી જાળવી રાખવા બેફામ પગલાં લઈ રહ્યું છે.

## અંબુજા કોંક્રેટ નોર્થ હઝીરા ખાતે તેનો પ્લાન્ટ સ્થાપશે

| Company Name | Product Name | Capacity | Project Cost | Plot Area |
|---|---|---|---|---|
| **Ambuja Concrete North Pvt Ltd** Village Hazira, Taluka Chorasi, District Surat, and Gujarat. **Adani Corporate House,** Ground Floor, South block, Shantigram, Nr. Vaishnodevi Circle, Ahmedabad, 382421. sanjay.prasad@adani.com Mob: +91 8094016218 | Standalone Grinding Unit (Ordinary Portland Cement (OPC)/ Portland Pozzolana Cement (PPC)/ Portland Slag Cement (PSC) / other cements) | 6.0 Million Tons per Annum (MTPA) | 1080 Crores | 5.73 Ha. |

અંબુજા કોંક્રેટ નોર્થ પ્રાઈવેટ લીમીટેડ સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના હઝીરા ખાતે વાર્ષિક ૬ મિલીયન સિમેન્ટના ઉત્પાદન માટે પ્લાન્ટ સ્થાપવા જઈ રહ્યું છે. તેનો પ્લોટ એરિયા ૫.૭૩ હેક્ટર છે. અંદાજિત પ્રોજેક્ટ ખર્ચ ૧૦૮૦ કરોડ રૂપિયા અંદાજવામાં આવ્યો છે.

## એલેમ્બીક તેના પ્લાન્ટનું વિસ્તરણ કરશે

| Company Name | Product Name | Capacity MT/Month | | |
|---|---|---|---|---|
| | | Existing | Proposed | Total |
| **Alembic Pharmaceuticals Ltd.** Survey no. 110/1 Village: Panchdevla, Taluka: Waghodia, District: Vadodara- 391510, Gujarat **Corporate & Regd. Office** Alembic Road, Vadodara – 390 003, Gujarat,INDIA Phone: +91-265-663 7000 E-mail: infoal@alembic.co.in www.alembicpharmaceuticals.com | R&D Facility& Pilot Plant | 0.5 | | 0.5 |
| | KSM as API Intermediates) | 0 | 20 | 20 |
| | **Project Cost** | Proposed Project Cost Rs. 26.19 Crores, | | |
| | **Plot Area** | 21976 m2 | | |

એલેમ્બિક ફાર્માસ્યુટીક્લ લીમીટેડ વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકાના પંચદેવલા ગામે તેના પ્લાન્ટનું વિસ્તરણ કરવા જઈ રહી છે. તે હાલના પરિસરમાં જ ૨૦ મેટ્રિક ટન ઉત્પાદન ક્ષમતા સાથે API ઈન્ટરમીડિએટ તરીકે કી સ્ટાર્ટિંગ મટેરીઅલ (KMS ) નું ઉત્પાદન કરનાર છે.

કંપનીનો પ્લોટ વિસ્તાર ૨૧૯૭૬ ચોરસ મીટર છે. અત્યારે પ્રોજેક્ટમાં ૧૧૩ લોકોને રોજગારી મળે છે. વિસ્તરણ થતા બીજા વધારાના ૫૦ લોકોને રોજગારી મળવાની સંભાવના છે. પ્રોજેક્ટનો ખર્ચ ૨૬.૧૯ કરોડ રૂપિયા અંદાજવામાં આવ્યો છે.







## અંકલેશ્વરમાં ઉકાઈ કેનાલ બંધ, ૩૫ દિવસ પાણીકાપ:સમારકામના કારણે જળ કટોકટીની સંભાવના, કરકસરથી વાપરવા અનુરોધ

અંકલેશ્વર નોટિફાઇડ વિસ્તારમાં ઉકાઈ કેનાલના સમારકામના કારણે ૩૫ દિવસનો પાણીકાપ જાહેર કરાયો છે. આ પાણીકાપને કારણે વિસ્તારમાં જળ કટોકટી સર્જાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

અંકલેશ્વર જીઆઈડીસી અને નોટિફાઇડ રહેણાંક વિસ્તારને પાણી પૂરું પાડતી ઉકાઈ જમણા કાંઠાની કેનાલને ૩૫ દિવસ માટે બંધ કરવામાં આવી છે. કેનાલ પર આવેલા એક્વા ડક અને સાયફન જર્જરિત બનતા તેના સમારકામ અને નવીનીકરણ માટે આ શટડાઉન લેવામાં આવ્યું છે. ગત ૨૭ ડિસેમ્બરથી આ પાણીકાપ અમલમાં છે.

તંત્ર દ્વારા વૈકલ્પિક પાણી પુરવઠાનું નિયમન કરવામાં આવી રહ્યું છે. હાલ અંકલેશ્વર જીઆઈડીસી તળાવમાં પૂરતો પાણી સંગ્રહ કરાયો છે. નોટિફાઇડ વિસ્તારમાં સવારે ૬ થી ૯ વાગ્યા સુધી પીવાનું પાણી અપાય છે, જ્યારે ઉદ્યોગોને સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી પાણી ઉપલબ્ધ કરાવાય છે. અંકલેશ્વર નોટિફાઇડ વિસ્તારમાં દૈનિક આશરે ૩૫ એમએલડી પાણીની જરૂરિયાત હોય છે. હાલમાં સ્ટોરેજ પોન્ડમાં પંદર દિવસ સુધી ચાલે તેટલો જ પાણીનો પુરવઠો ઉપલબ્ધ છે. પાણી પુરવઠાની આપૂર્તિ માટે ઝઘડિયા વિભાગમાંથી પણ દૈનિક જથ્થો મળી રહ્યો છે. અંકલેશ્વર ઉદ્યોગ મંડળના પ્રમુખ વિમલ જેઠવાએ જણાવ્યું હતું કે, નોટિફાઇડ સ્ટોરેજ પોન્ડમાં પૂરતા પાણીનો જથ્થો હોવાથી આ દિવસો દરમિયાન પાણીના પુરવઠાની ઘટ નહીં પડે. આમ છતાં, સ્થાનિકોને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## કૃષિ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, તણછા તેમજ સરદાર સરોવર નર્મદા નિગમ. લિ., ગાંધીનગર દ્વારા તણછા ખાતે એક દિવસીય ખેડૂત શિબિરનું આયોજન કરાયું

નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ તેમજ સંશોધન નિયામકશ્રી ડો. ટી. આર. અહલાવત તેમજ સહ સંશોધન નિયામકશ્રી ડો. વી. આર. નાયક સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ કૃષિ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, તણછા તેમજ સરદાર સરોવર નર્મદા નિગમ. લિ., ગાંધીનગર દ્વારા તણછા ખાતે એક દિવસીય ખેડૂત શિબિરનું આયોજન કરાયું હતું.

ખેડૂતોને કેન્દ્ર ખાતે લગાવવામાં આવેલ તુવેર, તરબૂચ, પાપડી તેમજ દિવેલાના નિદર્શન પ્લોટની મુલાકાત કરાવી અને આધુનિક તકનિકો વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. કેન્દ્રના વડા ડો. અંકિત ગઢિયાએ કેન્દ્ર વિષે તેમજ કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃતિઓ વિષે વિસ્તૃત સમજણ આપી હતી. ત્યારબાદ આ વિસ્તારના વિવિધ પાકોની ખેતી વિષે ઊંડાણ પૂર્વક સમજણ તથા ખેતીમાં આધુનિકરણ સાથે ખર્ચ ઘટાડી અને નફાકારક ખેતી કરવામાં માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને સીની. રીસર્ચ ફેલો (સસનનિલિ) પ્રતિકભાઇ પટેલ દ્વારા ખેડૂતોને સંકલિત પોષણ વ્યવસ્થાપનનું ઉત્તમ માર્ગદર્શન પૂરૂ પાડયુ હતું. આ કાર્યક્રમમાં કુલ ૫૪ ખેડૂત મિત્રો ઉપસ્થિત રહ્યાં હતાં. ખેતીવાડી શાખા, આમોદ ખાતેથી ઉપસ્થિત શ્રી ધવલસિંહ રાજ, વિસ્તરણ અધિકારી (ખેતી) ધ્વારા ખેતીવાડીની વિવિધ યોજનાઓ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેતીવાડીશાખા, વાગરા ખાતેથી ઉપસ્થિત શ્રી દિલીપભાઇ વસાવા, વિસ્તરણ અધિકારી (ખેતી) ધ્વારા ખેડૂતોને ખેતીવાડી શાખાની કાર્ય પધ્ધતિ વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા.





ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

Authorised Dealer:
FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
SPITMAAN®
Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# અંકલેશ્વરના અશોક પંજવણીની APO નેશનલ એવોર્ડ–૨૦૨૫ માટે પસંદગી



અંકલેશ્વર એસ્ટેટમાં કાર્યરત BEIL ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ ના વાઈસ પ્રેસિડેન્ટ અશોક પંજવણીની એશિયન પ્રોડક્ટિવિટી ઓર્ગેનાઈઝેશન (APO) નેશનલ એવોર્ડ–૨૦૨૫ માટે 'પ્રોડક્ટિવિટી એડવોકેટ્સ' શ્રેણીમાં પસંદગી કરવામાં આવી છે.

APO એવોર્ડ કમિટીએ સસ્ટેનેબિલિટી, વેસ્ટ મેનેજમેન્ટ તથા અન્ય ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપતી પહેલોમાં તેમના સતત અને અસરકારક યોગદાનને ધ્યાનમાં લઈ અનેક પ્રતિષ્ઠિત ઉમેદવારોમાંથી તેમની પસંદગી કરી છે.

એશિયન પ્રોડક્ટિવિટી ઓર્ગેનાઈઝેશન એક આંતર-સરકારી સંસ્થા છે, જેની સ્થાપના ૧૯૬૧માં એશિયા–પ્રશાંત ક્ષેત્ર માં પરસ્પર સહયોગ દ્વારા ઉત્પાદકતા વધારવાના હેતુથી કરવામાં આવી હતી. APO ના ૨૧ સભ્ય દેશો છે અને તેનું મુખ્યાલય ટોક્યો, જાપાન માં આવેલું છે.

APO નેશનલ એવોર્ડ એક પ્રતિષ્ઠિત વ્યક્તિગત સન્માન છે, જે દર વર્ષે તેવા વ્યાવસાયિકોને આપવામાં આવે છે, જેમણે પોતાની સંસ્થામાં તથા ઉદ્યોગ ક્ષેત્રમાં ઉત્પાદકતા વધારવા માટે અસાધારણ યોગદાન આપ્યું હોય.

અશોક પંજવણીની પસંદગી નીતિ-નિર્માણ, સ્ટ્રેટેજિક થિંકિંગ, નેતૃત્વ અને મેનેજમેન્ટ ક્ષેત્રે તેમના નોંધપાત્ર યોગદાન બદલ કરવામાં આવી છે. તેમણે વિવિધ પ્રોડક્ટિવિટી ઈમ્પ્રુવમેન્ટ ઈનિશિયેટિવ નું નેતૃત્વ કરી રાષ્ટ્રીય સ્તરે એડવાન્સ્ડ અને સસ્ટેનેબલ પ્રોડક્ટિવિટી હાંસલ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ એવોર્ડ એવા વિચારશીલ નેતાઓ, નીતિ નિર્માતાઓ અને વ્યૂહરચના કારોને માન્યતા આપે છે, જે ઉચ્ચ સ્તરના ઉત્પાદકતા એજન્ડાને આગળ ધપાવે છે.

આ એવોર્ડ મે ૨૦૨૬ માં નવી દિલ્હીમાં યોજાનાર APO કોન્ફરન્સ દરમિયાન પ્રદાન કરવામાં આવશે.

# વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની ચૂંટણી ૫મી માર્ચે યોજાશે, ૨૨મીથી ફોર્મ વિતરણ શરૂ

વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની ઈસી કમિટીની બેઠકમાં વીઆઈએની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરાયો હતો. હાલમાં સતિષભાઈ પટેલના પ્રમુખપદ હેઠળની ટીમનો કાર્યકાળ ૩૧ માર્ચે પૂરો થતો હોવાથી નવી ટીમ માટેની ચૂંટણી ૫મી માર્ચ યોજાશે. વીઆઈએની ચૂંટણી માટે આગામી ૨૨ જાન્યુઆરીથી ઉમેદવારી ફોર્મનું વિતરણ કરાશે. વીઆઈએમાં છેલ્લા ત્રણ વર્ષથી સતિષભાઈ પટેલ પ્રમુખ પદે તેમજ માનદ મંત્રી તરીકે કલ્પેશભાઈ વોરા સહિતની ટીમ કાર્યરત છે. હવે નવી ટીમ માટે ચૂંટણી જાહેર કરવામાં આવી છે. વિઆઈએના ૧૪ એક્ઝિક્યુટીવ મેમ્બરની ચૂંટણી માટે કાર્યક્રમ જાહેર થયો છે. આ પૈકી જ વીઆઈએ ના પ્રમુખ, માનદ મંત્રી તેમજ ઉપપ્રમુખ, ખજાનચી સહિતના હોદ્દેદારો ની પસંદગી થતી હોય છે. પહેલા વીઆઈએના પ્રમુખ અને એક્ઝિક્યુટિવ મેમ્બરોની ચૂંટણી થતી હતી, પરંતુ હવે ત્રણ વર્ષની મુદત માટે જે એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર ચૂંટાય છે તે પૈકી જ એક મેમ્બરને પ્રમુખ તેમજ અન્ય ચૂંટાયેલા મેમ્બરમાંથી બાકીના હોદ્દેદારોની પસંદગી થાય છે.

વીઆઈએના હાલ ૧૦૮૬ સભ્યો છે. ૧૪ ફેબ્રુઆરીથી ફોર્મ ભરવાનું શરૂ થશે, ૨૩ ફેબ્રુઆરીએ ફોર્મે પાછા ખેંચવાની છેલ્લી તારીખ રહેશે, ૨૪ ફેબ્રુઆરીએ માન્ય ઉમેદવારોની અંતિમ યાદી બહાર પાડવામાં આવશે. હવે આગામી ત્રણ વર્ષ માટે વીઆઈએમાં કોઈ નવા ચહેરા આવશે કે પછી હાલના ટીમને જ ફરી જવાબદારી મળશે. તે આગામી દિવસોમાં કોણ ચૂંટણીમાં ઝંપલાવશે છે તેના પરથી અંદાજ મળશે.

# અંકલેશ્વર ઉદ્યોગ મંડળ દ્વારા વોટર બ્રાઉઝર વડે સતત પાણીનો છંટકાવ શરૂ



સામાન્ય રીતે શિયાળામાં તાપમાન ઘટતા હવાના પ્રદુષણમાં વધારો જોવા મળે છે. અંકલેશ્વર GIDCમાં શિયાળા દરમિયાન હવામાં પ્રદૂષણના રજકણોની માત્રામાં વધારો નોંધાતા અંકલેશ્વર ઉદ્યોગ મંડળ દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા છે.

વાહન વ્યવહાર તથા ધૂળના કારણે ઉપરાંત ઔદ્યોગિક વાયુને કારણે વાતાવરણમાં ફેલાતા સૂક્ષ્મ રજકણોને કાબૂમાં લેવા માટે વસાહતના વિવિધ માર્ગો પર વોટર બ્રાઉઝર વડે નિયમિત રીતે પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

જેના પગલે જીપીસીબીના સૂચન બાદ ઉદ્યોગ મંડળ દ્વારા પાણી છંટકાવની કામગીરી શરૂ કરાઈ છે. આ પગલાંથી હવામાં ઉડતા રજકણોમાં ઘટાડો થવાથી શરદી, ખાંસી સહિતના આરોગ્ય સમસ્યાઓમાંથી રાહત મળે તેવી અપેક્ષા વ્યક્ત કરાઈ છે.

હાલ ઔદ્યોગિક વસાહતમાં પાણીની અછત હોવા છતાં પર્યાવરણ સંરક્ષણ ને પ્રાથમિકતા આપી અને પાણીના છંટકાવ માટે ટ્રીટેડ સ્ટોર્મ વોટરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ઉદ્યોગ મંડળના જણાવ્યા મુજબ આ વ્યવસ્થા દ્વારા પ્રદૂષણ નિયંત્રણ સાથે પાણી સંરક્ષણનો પણ સંતુલિત અભિગમ અપનાવવામાં આવ્યો છે.

દર વર્ષના પ્રમાણમાં આ વર્ષે શિયાળાના મહિનાઓ દરમ્યાન એર ક્વોલિટી ઈન્ડેક્સ નીચો રાખવામાં સફળતા મળી છે.

# નવિન ફ્લોરીન દ્વારા HFC ક્ષમતા વધારવા માટે મોટા રોકાણની જાહેરાત

નવિન ફ્લોરીન ઈન્ટરનેશનલ લિમિટેડ (NFIL) ના બોર્ડ ઓફ ડાયરેક્ટરે ૩૦ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ યોજાયેલી બેઠકમાં મહત્વપૂર્ણ મૂડી ખર્ચ (કેપેક્સ) ને મંજૂરી આપી છે. આ નિર્ણયનો હેતુ કંપનીની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવાનો તેમજ બજારમાં તેની સ્પર્ધાત્મક સ્થિતિ વધુ મજબૂત બનાવવાનો છે.

કંપની સુરત યુનિટમાં હાઈડ્રોફ્લુઓરોકાર્બન (HFC) ઉત્પાદન ક્ષમતાના વિસ્તરણ માટે રૂ. ૨૩૬.૫૦ કરોડનું રોકાણ કરશે. આ ઉપરાંત, દહેજ સ્થિત મલ્ટી-પરપઝ પ્લાન્ટમાં ડિ-બોટલનેકિંગ પ્રવૃત્તિ માટે રૂ. ૭૫ કરોડના રોકાણને પણ મંજૂરી આપવામાં આવી છે, જેથી કામગીરીની કાર્યક્ષમતા વધારી શકાય અને થ્રૂપુટમાં સુધારો શક્ય બને.

આ સાથે કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટે પ્રતિ ઈક્વિટી શેર રૂ. ૬.૫૦નું આંતરિક ડિવિડન્ડ જાહેર કર્યું છે.

Janardan Mahant +91 93747 27216
Dhruv Mahant +91 70961 00434
J. Mahant & Co.
Labour Management Consultant & Advocate

- The Code on Wages, 2019
- The Industrial Relations Code, 2020
- The Code on Social Security, 2020
- The Occupational Safety, Health and Working Conditions Code, 2020


Monthly Compliance for EPF / ESIC / Labour Department, Departmental Inspection / Pay Roll Management, Labour License / Factory License / BOCW Registration/ Profesional Tax Registration
**Branch Office** : C-35, Narayan Square, Link Road., Bharuch. Mob: +91 70961 02434
**Head Office:** 304, Sankalp, Nanpura Police Street, Nanpura, Surat - 395 001, Gujarat |Mob: **+91 99243 93777**
janardanmahant@gmail.com | www.jmahant.com

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
*One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation*
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

GREENLEAF ENVIROTECH LTD.
93275 65428 | 98751 08709 sales@greenleafenvirotech.in www.greenleafenvirotech.in
WHY US?
ENVIRONMENTAL CONSULTING & DUE DILIGENCE
- GPCB NOC / CCA approvals support
- CGWA NOC, water audit & water conservation planning
- Environmental Clearances (EC / EIA)
- EPR, Biomedical & E-Waste authorization support
- ESG assessment & sustainability framework
- Environmental Compliance & Annual Returns (Form - 4 & 5)
- Regulatory liaison for inspections, Audit & approvals
- STP / ETP performance evaluation

ENVIRONMENTAL MONITORING & LABORATORY
- Ambient Air Quality & Stack Emissions Monitoring
- Water & Wastewater Analysis
- Drinking & Ground Water Analysis
- Noise & Workplace Monitoring (Form-37)
- Soil and Hazardous Sample Analysis
- Baseline Data Studies (Air, Water, Soil, Noise)
- Industrial Hygiene Surveys
- Environmental Audit & Compliance Reporting

ACCREDITATION & CERTIFICATION
Other Services: Turnkey Wastewater Treatment Solutions | Fire Safety Systems | ESG • Sustainability • Climate Action Solutions

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER

Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work Boiler Refractory Work
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
THERMAX (Vender)
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com

માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામ: મંજુસર, તાલુકો: સાવલી, જિલ્લો: વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રી: જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002